# ડીસા ઉત્તર પોલીસે આંતરરાજય વાહનચોર ગેંગનો સાગરિત ઝડપ્યો : બે દિવસના રિમાન્ડ

ડીસા, તા.૭

ગુજરાતમાંથી આંતર રાજય રાજસ્થાનની કેટલીક ગુનાહિત રેકર્ડ ધરાવતી વાહનચોર ગેંગોનો એક બિઝનેસ છે કે ગુજરાતમાંથી બંધ બોડીની ગાડી ચોરી કરવી અને તેનો રાજસ્થાનમાં માદક દ્રવ્યો હેરાફેરી અને દારૂ વેચાણમાં ઉપયોગ કરવો. ગેંગનો એક સાગરિત ઉત્તર પોલીસે ઝડપી પાડી ડીસા પંથકમાંથી ચોરાયેલી પાંચ ગાડીઓનો ભેદ ઉકેલવા તેની ઉલટ તપાસ હાથ ધરેલ છે.

ગુજરાતમાં વાહન ચોરી કરતી કેટલીક ખ્યાતનામ ટોળીઓમાં રાજસ્થાનના બાડમેર, રાણીવાડા અને સંચોરની ગેંગો અગ્રીમ હરોળમાં પોલીસ ક્રાઈમ રેકર્ડમાં નોંધાયેલ છે. ડીસા પંથકમાંથી પણ કેટલીક ગાડીઓ તાજેતરમાં ચોરાઈ હતી. જેમાં મોટા ભાગની બોલેરો બંધ બોડી ગાડીઓ હતી જેમાં ગત ૧૧ જુન ૨૦૧૩ના રોજ ડીસાના શિવનગર વિસ્તારમાંથી સોહનજી રાયચંદજી ઠાકોરની જી.જે. ૧૨ એ.કે. ૪૯૭૯ નંબરની ગાડી ચોરી હતી જેની ઉત્તર પોલીસમાં ફરિયાદ થતા પી.આઈ. જે.ડી. સુતરીયાએ આ ચોરીમાં રાજસ્થાની વાહનચોર ગેંગની સંડોવણીની શકયતાએ તપાસ કરતા કેટલાક મહત્વના પુરાવા હાથ લાગ્યા હતા. જે આધારે ડીસા ઉત્તર પોલીસે રાજસ્થાનના રાણીવાડાની એક જેલમાંથી ટ્રાન્સફર વોરંટ આધારે શકમંદ આરોપી રાજુરામ જોરારામ વિશ્નોઈ રહે. ભાટીપ તાલુકો રાણવાડા જિલ્લો જાલોર વાળાનો કબજો મેળવી તેની તપાસ હાથ ધરી હતી. પોલીસે લાલ આંખ કરતા આરોપી રાજુરામ જોરારામ વિશ્નોઈ ભાંગી પડયો હતો અને પોલીસ સમક્ષ તેણે અને અન્ય ચોરોએ એકબીજાની મદદગારીએ અન્ય બીજી ગાડીઓ પણ ચોરી હોવાની કબુલાત કરી હતી. આ ટોળકીના અન્ય સાગરીતો દ્વારા અન્ય પાંચ જેટલી ગાડી ચોરી હોવાની શકયતા પોલીસે વ્યક્ત કરી હતી.

આ વાહન ચોરી કેસમાં ઝડપાયેલો રાજુરામ જોરારામ વિશ્નોઈ ને પોલીસે કોર્ટમાં રજુ કરતા તેના બે દિવસના રમાન્ડ મેળવેલ છે અને પોલીસે રાજસ્થાનમાં તપાસ અર્થે ટીમ રવાના કરી છે જેનાથી અનેકો વાહનચોરીના ગુના ડિટેકટ થશે તેવું તપાસ એજન્સી માની રહી છે.



# પાલનપુર પાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગે ૫૩ નકશા મંજુર કર્યા અને ૪૨ નકશા નામંજુર કર્યા

પાલનપુર નગરપાલિકા કચેરી ખાતે ગત રોજ ટાઉન પ્લાનીંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં ૯૫ નકશા મંજુર કરવા માટે મૂકવામાં આવ્યા હતા. જે પૈકી ૫૩ નકશાઓને વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવી હતી. બેઠકમાં નગર નિયોજક એ.એમ. બ્રહ્મભટ્ટ, ચીફ ઓફિસર યુ.ડી. સિંઘા તેમજ ટી.પી.કમિટીના ચેરમેન ભગવાનભાઈ પટેલ, સહિત કમિટીના સભ્યોની હાજરીમાં ૫૩ નકશાઓને મંજુર કરવામાં આવ્યા હતા જયારે ૪૨ નકશાઓને ના મંજુર કરવામાં આવ્યા હતા.

# જિલ્લામાં વિજકરંટ લાગતાં બે ના મોત

હિંમતનગર, તા.૭

સાબારકાંઠા જિલ્લાના હિંમતનગર વિસ્તારના ધાંલધા ખાતે એક યુવક પોતાના ખેતરમાં મોટર ચાલુ કરવા જતા કરંટ લાગતા સારવાર દરમિયાન મોત થયેલ જેની હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશને જાણ થઈ હતી. બીજો બનાવ વડાલી તાલુકાના સુબેરી ગામે એક આધેડ વયનાને વિજ કરંટ લાગતા મોત થયેલ જેની વડાલી પોલીસ સ્ટેશને જાણ થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૬-૭-૨૦૧૩ના રોજ ધાંલધા ખાતે કિર્તિસિંહ જગતસિંહ રાઠોડ ઉ.વ.૧૮નાઓ કુવાની ઓરડી પર મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા તાત્કાલિક ૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં લાવવામાં આવ્યો હતો જયાં તેનું સારવાર દરમિયાન મોત થયેલાનું સિવિલના ડૉ. આર.કે. વર્માએ હિંમતનગર પોલીસ સ્ટેશને જાણ કરેલનું જાણવા મળેલ છે. જયારે બીજો બનાવ તા. ૭-૭-૨૦૧૩ના રોજ સુબેરી ગામે ચતુરજી માંણકાજી મકવાણા ઉ.વ.૫૦નાઓ પોતાના ખેતરમાં થાંભલા નીચે ઘાસ કાપતાં હતા તે સમયે પાસેના વીજ વાયરને અડકતાં અકસ્માતે વિજકરંટ લાગતા ઘટના સ્થળે મોત થયેલાનું વડાલી પોલીસ સ્ટેશને રાજુજી ચતુરજી મકવાણા રહે. સુબેરીનાઓએ જાણ કરેલાનું જાણવા મળે છે.



પાલનપુર શહેર પોલીસ દ્વારા વર્ષ ૨૦૧૨થી ૩૧ માર્ચ ૨૦૧૩ સુધીમાં જુદા જુદા સ્થળેથી ઝડપાયેલો વિદેશી દારૂનો જથ્થો અંદાજે ૨૦૦૦ લિટર જેટલા જથ્થાનો પાલનપુર શહેર પોલીસ દ્વારા નિકાલ કરવામાં આવ્યો છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ધનસુરામાં જાહેર શૌચાલય બનાવવા પ્રજાની ઉગ્ર માંગ

ધનસુરા, તા. ૭

ધનસુરા તાલુકો બન્યા પછી પણ ગામમાં જાહેર શૌચાલયો ન હોવાના કારણે લોકોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. ધનસુરામાં આસપાસના ગ્રામજનો ખરીદી માટે આવે છે. તેમજ વેપારીઓ અને લારી ગલ્લા ધારકોને પણ શૌચાલય કયા કારણસર બનાવવામાં આવતુ નથી તે પ્રશ્ન સતાવે છે. તંત્રના અધિકારીઓની ઉદાસીનતાના કારણે ધનસુરામાં શૌચાલય બનવા પામ્યું નથી તેવું લોકમુખે ચર્ચાય છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધનસુરા સાબરકાંઠા જિલ્લાની સૌથી મોટી પંચાયત છે. ગામની વસ્તીમાં દિન પ્રતિદિન વધતી જાય છે. ત્યારે શહેરમાં એક પણ શૌચાલય નજરે ન પડતા શહેરના મુલાકાતીઓમાં પણ આશ્ચર્ય સર્જાય છે. રાજ્યના દરેક મોટા શહેરોમાં તંત્ર દ્વારા પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવામાં આવ્યા છે. જે લોકો માટે આશિર્વાદરૂપ સાબિત થયા છે. ધનસુરામાં શૌચાલય અંગે અનેકવાર લોકોએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. છતાં પણ કયા કારણોસર શૌચાલય બનાવવામાં આવતા નથી. તે શહેરીજનોને સમજાતુ નથી. ધનસુરા ચાર રસ્તા પાસે શૌચાલયની ખાસ જરૂર છે. બજારના વેપારી તેમજ ખરીદી માટે આવતા લોકો પણ શૌચાલય ન હોવાને કારણે મુશ્કેલીમાં મુકાય છે. ધનસુરા ગ્રામ પંચાયત સ્વભંડોળમાંથી પે એન્ડ યુઝ શુલભ શૌચાલય ન બનાવી શકે તો એ.ટી.વી.ટી. ગ્રાન્ટમાંથી શૌચાલય બનાવવામાં આવે તેમ શહેરવાસીઓ ઈચ્છી રહ્યા છે. તંત્રના અધિકારીઓ શૌચાલયના પ્રશ્ને પોતાની ઉદાસીનતામાંથી બહાર આવી ધનસુરાની પ્રજા માટે શૌચાલય મુદ્દે ત્વરીત નિર્ણય લઈ યોગ્ય કરે તેવું પ્રજાની લાગણી અને માંગણી છે.

# રાસલોડ ગામે મંજુરી વગર ૩૦ લીલા બાવળોનું છેદન કરનાર સરપંચ-ઉપસરપંચ દંડાયા

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજ તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ રાસલોડીયા હનુમાન મંદિરની બાજુમાં આવેલા ઢાંકળીયા તળાવમાંથી ૨૦થી ૨૫ જેટલા લીલા બાવળના વૃક્ષો રાસલોડ ગ્રામ પંચાયતના સરપંચ અને ડે. સરપંચે બિન અધિકૃત પણે કાપી નાખતા આ મામલે કેસ નોંધાયો હતો અને જે કેસ આજે પ્રાંતિજ મામલતદાર કોર્ટમાં ચાલી જતા કોર્ટ બન્ને આરોપી સામે વૃક્ષોની કિંમત અને તેનો દંડ ભરવાનો આદેશ કરતા વૃક્ષ નિકંદન કરતા તત્વોમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

મળેલી માહિતી અનુસાર સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં આવેલ પ્રસિદ્ધ યાત્રાધામ રાસલોડીયા હનુમાન મંદિર આવેલું છે. તેની નજીક એક ઢાંકળીયા તળાવ આવેલ છે. તળાવ પાસેની સરકારી જમીન પરના ૨૫ થી ૩૦ જેટલા વૃક્ષોને રાસલોડ ગ્રામ પંચાયતના સરપંચ હેમતાજી ભેમાજી તથા ઉપ સરપંચ જયંતિજી કાળાજીએ વગર મંજુરીએ તેમજ કોઈ પણ પ્રકારના કાગળો કર્યા વગર વૃક્ષોનું છેદન કરી નાખ્યુ હતુ. આથી રમીલાબેન સોમાજી દ્વારા આ બનાવ અંગે રજુઆત બાદ ફરિયાદ કરવામાં આવી હતી. જેના અનસંધાને આજે મામલતદાર જે.એસ. પ્રજાપતિની કોર્ટમાં આ કેસ ચાલી જતા કોર્ટે ઝાડની કિંમત રૂ. ૧૨,૦૦૦ તથા દંડપેટે સરપંચ અને ઉપસરપંચ પાસેથી રૂ. ૫૦૦૦ વસુલવાનો હૂકમ કર્યો હતો અને દંડની રકમ અને લાકડાની રકમ ભરપાઈ કરવા રાસલોડ તલાટીને વસુલ કરવાની કાર્યવાહી કરવા જાણ કરી હતી.

# બનાસકાંઠાની પોલીસ બોર્ડરોમાં પડેલા છીંડાના કારણે ગુજરાતમાં દારૂ પ્રવેશે છે

પાલનપુર, તા.૭

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવ જાગૃત અને સચેત હોવા છતાં પણ બનાસકાંઠાની રાજસ્થાન, બોર્ડરો પર આવેલ પોલીસ ચોકીઓ પર ફરજ બજાવતા કેટલાક કર્મીઓની બેદરકારીના કારણે પર પ્રાંતમાંથી બનાસકાંઠાની બોર્ડરો પર પોલીસ ચોકીઓ કાર્યરત હોવા છતાં પણ છાસવારે બનાસકાંઠાના અલગ અલગ માર્ગો પરથી પર પ્રાંતની પાસીંગની દારૂ ભરેલી ગાડીઓ ઝડપાય છે. પાડોશી રાજય રાજસ્થાનમાંથી જયારે બ.કાં.ની અમીરગઢ (માવલ) પોલીસ ચોકી સરહદ છાપરી (અંબાજી) પોલીસ ચોકી થરાદ (ખેડા) પોલીસ ચોકી ધાનેરા બોર્ડર ચોકી તેમજ બોર્ડર પીએસઆઈ અને સ્ટાફની ટીમ કાર્યરત હોવા છતાં પણ બનાસકાંઠાની બોર્ડરોમાં વિદેશી દારૂ ભરેલી ગાડીઓ કેવી રીતે બનાસકાંઠામાં પ્રવેશ કરે છે. જયારે જિલ્લાની એસ.ઓ. જી. એલ.સી.બી. પણ ગુનેગારોને ટુંક સમયમાં જ ઝડપી પાડવાની હિંમત દાખવે છે. છતાં પણ બેરોકટોક ગાડીઓ કેવી રીતે પ્રવેશ કરે છે. જયારે જિલ્લા બહારની પોલીસ અથવા વિજીલન્સ ત્રાટકે અને જિલ્લાના માર્ગ પરથી ગાડીઓ પકડે ત્યારે જે તે જગ્યાએ ગાડી પકડાય ત્યાંના પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરાવાય છે. તો બનાસકાંઠામાં પ્રવેશ કરતા ગેંગવારનો દારૂની ટ્રકો જે પોલીસ બોર્ડરો પરથી પસાર થાય તે ચોકીઓના પીએસઆઈ કે કર્મીઓ સામે સસ્પેન્ડનો હુકમ કે કડક કાર્યવાહી કેમ કરાતી નથી. વાડાના વાંકે પખાલીને ડામ જેવી પરિસ્થિતિ સર્જાવા પામે છે. બ.કાં. જિલ્લા પોલીસ વડા છીંડા બંધ કરાવે અને કર્મચારીઓને ફરજનું ભાન કરાવે તેવી માંગ છે.

# પાલનપુર શહેર ભાજપાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી

પાલનપુર, તા. ૭

ઝોન પ્રભારી અને પ્રદેશ ભાજપ મહામંત્રી શંકરભાઈ ચૌધરી તથા જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણે જિલ્લાના મહામંત્રી ગુમાનસિંહ ચૌહાણ, ગજેન્દ્ર સકસેના, હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ અનિકેત ઠાકરની વરણી અગાઉ થયેલ હતી. નવિન બોડીમાં મંત્રી પઢિયાર શાંતિલાલ, પોપટલાલ જોષી, અતુલકુમાર, દરજી હેમેન્દ્ર ગેલોતર મીનાબેન, રમણીકલાલ, સોલંકી ચિરાગ, સાધુ ચંપાબેન, જોષી નિલમબેન, ઠાકોર કમળાબેન ખજાનચી તરીકે રાણા નરેશની વરણી કરવામાં આવી હતી.

# કુપોષણ એ રાષ્ટ્રનો પડકાર છે તેને નિવારવું એ આપણી સામાજિક જવાબદારી છે : નીતિન પટેલ

મહેસાણા, તા. ૭

મહેસાણા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા બલોલ ખાતે નાનો પરિવાર સુખી પરિવારના સુત્ર અંતર્ગત ૧૧ જુલાઈ વિશ્વ વસ્તી દિન ઉજવણી પ્રસંગે કુપોષણ નિવારણ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આરોગ્ય વિભાગના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી સેવા બજાવતા ડોક્ટરોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કુપોષણ અભિયાનને સામાજિક અભિયાન ગણી તેમાં દાન આપનાર મુખ્ય દાતાશ્રીઓ મનુભાઈ ચોકસી, ગૌરાંગભાઈ પટેલ તેમજ બલોલના વિષ્ણુભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ૨૭ લાખ ૯૭ હજાર રૂપિયાનું દાન મળ્યું હતું. આ ઉપરાંત ગૃહ રાજય મંત્રીશ્રીની અધ્યક્ષતામાં બેચરાજી તાલુકાના સામાજિક કાર્યકરો દ્વારા ૧૦૦૦ થી વધુ કિલો કઠોળ એકઠું કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાણા અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે કુપોષણ અને સમગ્ર રાષ્ટ્રની સમસ્યા છે. આ આ સમસ્યાને સામાજિક સમસ્યા ગણી તેને નાબુદ કરવા સમાજના શ્રેષ્ઠીઓએ આગળ આવવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે દુનિયાના દેશોમાં ભારતમાં ૪૩ ટકા બાળકો કુપોષીત છે. આ કુપોષણ એ રાષ્ટ્રનો પડકાર છે. ભારતની વધતી જતી વસ્તીના પગલે આપણે પણ આ વસ્તી વધારાના રાક્ષસને રોકવા માટે અભિયાન ચલાવવું જોઈએ.

# પાલનપુર નજીક બનાસ ડેરીના ટેન્કરમાંથી દૂધની ચોરી કરનારા ઝડપાયા

પાલનપુર, તા. ૭

એશિયાની નંબર વન ડેરીના ટેન્કરોમાંથી દૂધની ચોરીઓ થવાની અનેક ફરિયાદો અવારનવાર ઉઠવા પામી હતી. જેની તપાસ પણ ચાલી રહી હતી. ત્યારે ગત રાત્રીના બનાસડેરીના કર્મચારીઓને મળેલ બાતમીના આધારે વોચ ગોઠવીને દૂધ ચોરીના તસ્કરો ત્રણને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુરના નવા ગંજની સામેથી હાઈવે પર જતા માર્ગ ઉપર પસાર થઈ રહેલ જી.જે.૨-ઝેડ-૨૨૨૪ નંબરના દૂધના ટેન્કરમાંથી ફાટક પાસે ટેન્કરમાંથી દૂધની ચોરી કરતા રાજસિંહ ભંવરસિંહ રાજપુર રહે. રામપુરા, તાલુકો અમીરગઢ, શાંતિભાઈ અને નરસંગભાઈ ડાભી રહે. સરોત્રા તા. પાલનપુરવાળાઓને ડેરીના કર્મચારીઓ દ્વારા વોચ ગોઠવીને ઝડપી પાડ્યા હતા. જેમાં જીજે-૨-વી.વી.-૮૪૫ નંબરના જીપડાલા સાથે ઝડપી પાડ્યા હતા. બનાસડેરીના સતર્ક જાગૃત કર્મચારીઓના કારણે ઘણા સમયથી ચાલતા દૂધની ચોરીના કૌભાંડનો પર્દાફાશ થવા પામ્યો હતો. બનાસ ડેરી દ્વારા આ ચેકીંગ ઝુંબેશ સતત ચલાવવાની જરૂર છે.





ગુજરાત સરકાર દ્વારા નિઃશુલ્ક ધોરણે જન્મેલા બાળકોને સરકારી દવાખાનેથી પોતાના ઘર સુધી બાળક હસતું ખિલતું જાય તેવી સગવડવાળું વાહન જેનું નામ ખિલખિલાટ વાનનું આજરોજ ગુજરાત રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે રીબીન કાપી લીલી ઝંડી આપી ઈડર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી પ્રસ્થાન કરી વાહનનું લોકાર્પણ કર્યું હતું. આ વાહનમાં એક સાથે જન્મેલા ત્રણ બાળકો તેની માતા સાથે પોતાના ઘરે પહોંચાડવા વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેનો કોઈ ખર્ચ સરકાર તરફથી લેવામાં આવતો નથી સદરહું વાહન નિઃશુલ્ક ધોરણે સેવા કરતું ઈડર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કાર્યરત થયું છે. બાળકની સાથે ન્યૂટ્રેશનકીટ પણ આપવામાં આવે છે. આ પ્રસંગે ઈડર તાલુકા પ્રમુખ, નગરપાલિકાના પ્રમુખ અને વિવિધ સમિતિના સદસ્યો, ઈ.એમ.ઈ. સંદિપ ગઢવી, સામુહિક આરોગ્ય ખાતાના અધિકારીઓ- કર્મચારીગણ તથા ઈડર શહેરના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા)

# તાજપુર કેમ્પ ગામે ત્રણ કર્મચારીઓનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

તાજપુર કેમ્પ, તા. ૭

તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ગામના ત્રણ કર્મચારી વયનિવૃત્ત થતાં તેઓનો સન્માન સમારોહ હોમગાર્ડ યુનિટ તાજપુર કેમ્પ દ્વારા આજરોજ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આંત્રોલીવાસ ગામના જે. સી. ઝાલા હોમગાર્ડ ઓફિસર પુનમભાઈ રાવળ, નાયબ તાલુકા વિકાસ અધિકારી અને હોમગાર્ડ યુનિટ તાજપુર કેમ્પના સી. એચ. ઝાલાનો નિવૃત્તિ મસારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ નોકરી દરમિયાન તેમને કરેલા ઉમદા કાર્યો અને પ્રગતિનો અહેવાલ જણાવ્યો હતો. આ વિસ્તારના લોકોમાં જનજાગૃતિ લાવી શિક્ષણ ક્ષેત્રે સારો ફાળો આપ્યો છે.

સરકારી નોકરીમાં જવા ઈચ્છતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડ્યું છે. ત્રણેય મિત્રોની સારી કામગીરીને લોકોએ વિરદાવી હતી તેમજ નિવૃત્તિ પછીનું જીવન સુખમય, શાંતિમય અને નિરોગી પસાર થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઉધ્ધરાજસિંહ ચંપાવત, કોદરસિંહ રાઠોડ, ડૉ. પરીખ, જગદીશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, નરેશભાઈ પુરોહિત, જેઠાભાઈ સહિત હોમગાર્ડના કર્મચારી - અધિકારીગણ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વનરાજસિંહ રાજપુત, રાજુભા ઝાલા અને હોમગાર્ડ જવાનોએ કાર્યક્રમ યોજ્યો હતો. જ્યારે મનહરભાઈ પંચાલે સભાનું સફળ સંચાલન કર્યું હતું.

# લિફ્ટમાં ફસાઈ જતાં કિશોરનું મોત નિપજ્યું

અમદાવાદ, તા. ૭

શહેરનાં નરોડા વિસ્તારમાં આવેલા સ્પર્શ એપાર્ટમેન્ટની લિફ્ટમાં એક કિશોર ફસાઈ જતાં તેનું મોત નિપજ્યું હતું. ફાયરબ્રિગેડ અને ૧૦૮ ને કરાતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ યુવકને લાશને બહાર કાઢી હતી. ઘટના અંગે પોલીસને જાણ કરાતાં પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ લાશને પી.એમ. અર્થે મોકલી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરનાં નરોડા વિસ્તારમાં આવેલા સ્પર્શ એપાર્ટમેન્ટનાં છ બ્લોકનાં ચોથા માળે લક્ષ્મણભાઈ સોની પોતાના પરિવાર સાથે રહેતાં. લક્ષ્મણભાઈનાં પરિવારમાં તેમનો પુત્ર સંજય (ઉ.૧૫) તેમજ તેમની પત્ની છે. શનિવારે રાત્રે ૧૦.૩૦ વાગ્યે સંજય તેમના ફ્લેટની લિફ્ટથી ચોથા માળે જઈ રહ્યો હતો. તે દરમ્યાનમાં ત્રીજા માળે લિફ્ટ ફસાઈ ગઈ હતી. સંજયે લિફ્ટમાંથી બહાર નીકળવા પ્રયાસ કર્યો હતો.

બે સળિયા વચ્ચેથી બહાર નીકળવા જતાં અચાનક જ લિફ્ટ શરૂ થઈ જતાં દિવાલની વચ્ચે તેનું માથું આવી ગયું હતું અને તે ફસાઈ જતાં તેનું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ ફાયરબ્રિગેડ તેમજ ૧૦૮ને કરાતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અને કિશોરને બહાર કાઢ્યો હતો. ઘટના અંગેની જાણ પોલીસને કરાતાં પોલીસ પણ તાત્કાલિક દોડીઆવી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601